## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




હમણાં, હેડલાઈન બે જ બનવાની ઊડતા પીએમ અથવા ઊડતા પંજાબ...!!

# ગાંધીનગરમાં પહેલીવાર મેગા કોમ્પીટીશન ૨૦૧૬નું આયોજન

**ફાઈનલ ડેસ્ટિનેશન દ્વારા ગાંધીનગર ઉપરાંત અમદાવાદ અને મહેસાણા માટે પણ આયોજન કરાયું : કોમ્પિટીશનમાં વિવિધ સ્પર્ધાઓ યોજાશે : આજથી ઓડીશનનો પ્રારંભ થશે**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં પ્રથમવાર ફાઈનલ ડેસ્ટિનેશન કંપની દ્વારા વિવિધ ટેલેન્ટને બહાર લાવતી 'મેગા કોમ્પિટીશન-૨૦૧૬'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ડાન્સ, ફેશન, ડ્રોઈંગ, પેઈન્ટીંગ, રંગોળી, મહેંદી, હેરસ્ટાઈલ, બેસ્ટ આઉટ ઓફ સ્કેપ તથા કૂકીંગ અને સલાડ ડેકોરેશન જેવી કોમ્પિટીશન્સ યોજવામાં આવી છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે તા. ૧૧ અને ૧૨ જુન દરમ્યાન સેક્ટર-૧૧માં સુમન ટાવર સ્થિત હોટલ મીડ-વે ખાતે ઓડીશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા તા. ૮ થી ૧૦ જુલાઈ દરમ્યાન યોજાશે. જેમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો જજ તરીકે સેવાઓ આપશે. સ્પર્ધા ગાંધીનગર, અમદાવાદ તથા મહેસાણા એમ ત્રણ શહેરો માટે યોજાશે. જેમાં બાળકોથી માંડીને વડીલો તમામની કેટેગરી રાખવામાં આવી છે.

મેગા કોમ્પિટીશન ૨૦૧૬માં ટેલેન્ટહન્ટ સ્પર્ધામાં ડાન્સર હન્ટ, મ્યુઝિકલ હન્ટ, ગ્રૃપ ડાન્સ હન્ટ તથા સિંગર હન્ટ જેવી કેટેગરી ૧૮ વર્ષથી નીચેના તથા ૧૮ વર્ષથી ઉપરના એમ બંને વય જુથ માટે રાખવામાં આવી છે. ફેશન હન્ટમાં કિડ્ઝ મેનિયામાં ૧૪ વર્ષથી નિચેના, કપલ હન્ટમાં ૧૮ વર્ષથી ઉપરના, મી એન્ડ મોમ માં ૮ વર્ષથી નિચેના બાળકો, ગ્રાન્ડમ્મા એન્ડ ગ્રાન્ડપ્પામાં ૫૦ વર્ષથી ઉપરના તેમજ ક્વીન એન્ડ કિંગ હન્ટમાં ૧૮ વર્ષથી નિચેના તથા ઉપરના એમ બે વય જુથમાં સ્પર્ધકો ભાગ લઈ શકશે. આર્ટિસ્ટ હન્ટમાં પણ ડ્રોઈંગ, પેઈન્ટીંગ, રંગોળી, મહેંદી, હેરસ્ટાઈલ,બેસ્ટ આઉટ ઓફ સ્કેપ સ્પર્ધાઓ બંને વય જુથમાં યોજાશે. આ ઉપરાંત શેફ હન્ટમાં કુકીંગ કોન્ટેસ્ટ અને સલાડ ડેકોરેશનમાં ૧૬ વર્ષથી ઉપરના તમામ સ્પર્ધકો ભાગ લઈ શકશે.

સ્પર્ધામાં એક્ટર-મોડેલ નિશાંત પંડ્યા, સિંગર-હોસ્ટ મીત જૈન, એબીસીડી ફેઈમ પ્રિન્સ ગુપ્તા, મોડેલ તથા મિસીસ ગુજરાત-૨૦૧૪ ખુશ્બુ જાની અને મોડેલ અલ્ફેઝ ખૈશાગી જેવા નિષ્ણાંતો જજ તરીકેની ભૂમિકા ભજવશે. સ્પર્ધાનું આયોજન ફાઈનલ ડેસ્ટિનેશન દ્વારા ગાંધીનગર ઉપરાંત અમદાવાદ અને મહેસાણા માટે પણ કરવામાં આવ્યુ છે. સ્શહેરની યુવા પ્રતિભાઓ માટે તેમની ટેલેન્ટને રજૂ કરવાની અનેરી તક આ મેગા કોમ્પિટીશન ૨૦૧૬ દ્વારા પ્રાપ્ત થશે.

## ખૂણે ખાંચરેથી...

- ન્યુ ક્રેડીટ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની પાંચ જગ્યા માટે નવ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ૨૩મીએ આ અંગેનો ચૂંટણી જંગ જામશે.
- ન્યુ ક્રેડીટ સોસાયટીમાં મેદાનમાં રહેલા નવ ઉમેદવારોમાંથી બે વર્તમાન ડિરેક્ટર છે જ્યારે સાત નવા ઉમેદવારો મેદાનમાં છે.
- પ્રવેશોત્સવ બાદ સચિવાલય સંકુલ સોમવારથી પુનઃ ધમધમતુ થઈ જશે.
- રાજ્ય સરકારે ૫૪ ડે. કલેક્ટર કક્ષાના અધિકારીઓને સિનીયર ટાઈમ સ્કેલ આપી અધિક કલેક્ટર સંવર્ગમાં બઢતી આપતા હુકમો કર્યા છે.
- વિશ્વ યોગ દિવસની ઉજવણી તેમજ શહેરી વિસ્તારની શાળાઓના પ્રવેસોત્સવનાં આયોજનમાં તંત્ર પરોવાયુ છે.
- ગાંધીનગર શહેરમાંથી દૂર કરાયેલા દબાણો પુનઃ પાછા તે સ્થાને ગોઠવાઈ જતાં લોકોમાં તંત્ર સામે રોષ ઉઠવા પામ્યો છે.
- ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની બેઠક આજે એક કલાકથી વધુ ચાલી હતી.
- પાટનગર યોજનાના નિવૃત્ત નાયબ કાર્યપાલક ઈજનેર ડી. એન. પટેલનું કેનેડામાં અવસાન થતાં ઈજનેરી આલમમાં શોક પ્રસરી ગયો છે.

# કલોલ તાલુકાના જાસપુર ગામ ખાતે લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

કલોલ તાલુકાના જાસપુર ગામ ખાતે આજરોજ કલોલ પ્રાંત અધિકારી સી.એમ. પાડલિયાની ઉપસ્થિતિમાં લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જાસપુર ગામ ખાતે યોજાયેલ લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં ગ્રામજનો દ્વારા ગામના વિકાસને અવરોધક બનતાં, પીવાના પાણી, રસ્તા જેવા અનેક પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. રજૂ થયેલ પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવાની ખાત્રી પ્રાંત અધિકારી દ્વારા ગ્રામજનોને આપવામાં આવી હતી.

આ પ્રસંગે કલોલ મામલતદાર વાઘેલાએ ઓનલાઈન જનસેવા કેન્દ્રની માહિતી સર્વે ગ્રામજનોને આપી હતી. તે ઉપરાંત જનધન યોજના, સ્માર્ટ વિલેજ, આધારકાર્ડ જેવી મહત્વની સરકારની યોજનાઓની પણ માહિતી ગ્રામજનોને આપવામાં આવી હતી.

આ લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં ગામના સરપંચ સૂર્યાબેન પ્રજાપતિ, તલાટી હિતેષ એચ. ગઢવી, નાયબ મામલતદાર અરવિંદભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



પાણીની રેલમછેલ : શહેરના પાદરમાં ચરેડી વિસ્તારમાં પાણીની પાઈપલાઈનમાં વધુ એક લીકેજ થતાં ગણતરીના કલાકમાં પાણીની રેલમછેલ સર્જાઈ હતી. શહેરમાં દબાણથી પાણી આપવાથી પાઈપલાઈનમાં વધતા દબાણને પગલે લીકેજ થાય છે અને તંત્ર પહોંચે તે પહેલાં પાણીનો વ્યય વ્યાપક પ્રમાણમાં થાય છે.

# પ્રવેશોત્સવ દરમ્યાન એક કરોડથી વધુ રકમના દાન શૈક્ષણિક સંસ્થાઓને મળ્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ ગુણવત્તાસભર શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે આ વર્ષે એક કરોડ બાર હજાર પચ્ચીસ રૂપીયાની રકમનું દાન શૈક્ષણિક સંસ્થાઓને પ્રાપ્ત થયું છે.

મળતી વિગતો પ્રમાણે છેલ્લા ત્રણ વર્ષમાં મળેલા દાનમાં આ સૌથી મોટી રકમ છે. ૨૦૧૪-૧૫માં ૬૧,૬૬,૧૧૪ રૂ.નું દાન શૈક્ષણિક સંસ્થાઓને મળ્યું હતું. જ્યારે ૨૦૧૫-૧૬માં રૂ. ૯૩,૪૭,૮૧૦નું દાન મળ્યું હતું.

આમ ગત વર્ષ કરતાં ૮ લાખથી પણ વધુ રકમનું દાન શૈક્ષણિક સંસ્થાઓને પ્રાપ્ત થયું છે. જેમાં ૧૧ લાખ ૯૪ હજાર ૨૦૯ રૂ.નું રોકડ દાન તેમજ ૮૮ લાખ ૧૭ હજાર ૮૧૬નું વસ્તુ સ્વરૂપે દાન સંસ્થાઓને પ્રાપ્ત થયું છે.

આજે ખાંટા આંબા પ્રાથમિક શાળાને સેનીટેશન, રોડ અને નોટબુક તેમજ કંપાસ માટે ૪,૯૭,૯૬૧નું દાન મળેલ છે. તો વિહાર ખાતે ૬ જેટલા દાતાઓએ રૂ. ૨,૧૬,૬૦૦નું દાન બાળકોને આપેલ છે.

આ ઉપરાંત મોખાસણ અને રકનપુર ખાતે પણ સારૂ એવુ દાન મળ્યુ છે. ઝુંડાલમાં પણ તમામ બાળકોને ગણવેશ માટેનું દાન મળ્યું છે.

# માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૮૩ પ્રવાસી શિક્ષકોની ભરતી કરાઈ

## નવા શૈક્ષણિક સત્રના પ્રારંભથી શિક્ષકોની ઘટ નિવારવા માટે પ્રવાસી શિક્ષકોને નિમણુંક અપાઈ

ગાંધીનગર તા ૧૦

શહેરની સરકારી ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક શાળામાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન નિવારવા માટે શિક્ષણ તંત્ર દ્વારા જિલ્લામાં ૮૩ પ્રવાસી શિક્ષકોને નિમણુંક આપવામાં આવી છે. આ પ્રવાસી શિક્ષકો વિદ્યાર્થીઓને વધુમાં વધુ ૬ તાસનુ શિક્ષણ આપશે. નવુ શૈક્ષણિક સત્ર શરૂ થતા શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન પણ હલ કરી દેવાયો છે.

ગાંધીનગર જિલ્લાની સરકારી શાળાઓમાં સુવિધાના નામે મીંડુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે સરકારી શાળાઓમાં શિક્ષકોની ઘટના લીધે વિદ્યાર્થીઓનુ શિક્ષણ કથળતુ હોવાનો આક્રોશ પણ લાંબા સમયથી પ્રબળ બન્યો છે. જેના લીધે વિદ્યાર્થીઓનુ પાયાનુ શિક્ષણ રૂંધાતુ હોવાની સાથે શાળાઓમાં પરિણામની ટકાવારી પણ નીચી જતી હોવાનુ પ્રકાશમાં આવ્યુ છે. જિલ્લા શિક્ષણ તંત્ર માટે પણ આ ચિંતાનો વિષય બન્યો છે. શહેરની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે પાયાની સવલતોનો પણ અભાવ વર્તાતો હોવાથી આજના સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં ખાનગી શાળાઓમાં સુવિધાઓની ભરમાર છે. જયારે કેટલીક શાળાઓમાં શિક્ષકોની ઘટના લીધે વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર થતી હોવાથી શિક્ષણવિદોમાં પણ ચિંતાનુ મોજુ પ્રવર્તયુ છે. ઉચ્ચતર અને માધ્યમિક શાળામાં શિક્ષકોની ઘટ નિવારવા માટે શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં પ્રવાસી શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય લેવાયો હતો. જયારે નવુ શૈક્ષણિક સત્ર શરૂ થતા આ શિક્ષકોની ભરતી પણ કરી દેવાઈ છે. જેમાં જિલ્લાના માધ્યમિક વિભાગમાં ૧૪ શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં ૬૯ પ્રવાસી શિક્ષકોને નિમણુંક આપવામાં આવી છે. આ શિક્ષકો દિવસ દરમિયાન વધુમાં વધુ ૬ તાસ લેશે. શાળાઓમાં પ્રવાસી શિક્ષકોની ભરતીના અંતે શિક્ષકોની ઘટ નિવારી શકાઈ હોવાનુ પણ શિક્ષણ તંત્રએ જણાંવ્યુ છે.




અચ્છે દિન આયેંગે..નો વાયદો કરીને મોંઘવારીના નામે મત બટોરીને સત્તા સ્થાને બેસી ગયેલી કેન્દ્રની ભાજપ સરકારે છેલ્લા એક મહીનામાં ત્રણ ત્રણ વખત દેશની ગરીબ અને મધ્યમ વર્ગીય પ્રજા ઉપર ૧૬ ટકા જેટલો અસહ્ય ભાવ વધારો ઝીંક્યો છે. ઉપરાંત છેલ્લા ૨૩ વર્ષથી રાજ કરતી ગુજરાતની ભાજપ સરકાર સમગ્ર ભારત દેશમાં સૌથી વધારે વેટ ઉઘરાવીને જનતાના ખીસા ખંખેરી રહી છે. જેનો વિરોધ પ્રદર્શન કરવા જનજાગૃતિ લાવવાના ભાગરૂપે ગાંધીનગર જિલ્લાના શહેરી વિસ્તારમાં ત્રણ દિવસ સુધી સાયકલ યાત્રા યોજવાનો કાર્યક્રમ જિલ્લા કોંગ્રેસ દ્વારા આપવામાં આવ્યો છે. જેના ભાગરૂપે પાટનગરને અડીને આવેલા પેથાપુર શહેરમાં જિલ્લા કોંગ્રેસના પ્રમુખ સૂર્યસિંહ ડાભીના નેતૃત્વમાં સાયકલ યાત્રા કાઢવામાં આવી હતી. પેથાપુર ચરેડીથી શરૂ થઈ પેથાપુર શહેરમાં મુખ્ય માર્ગો પર ફરીને જી.ઈ.બી. ખાતે વિસર્જીત થઈ હતી. છેલ્લી ઘડીએ પોલીસ તંત્ર દ્વારા ગાંધીનગર શહેરમાં પ્રવેશ મંજૂરી ન આપતા મામલતદારશ્રીને આવેદનપત્ર આપી શકાયું ના હતુ.



# કલોલ તાલુકાની મોટી ભોયણ ગામે શાળા પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર જિલ્લાની સૌથી મોટી ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી મોટી ભોયણ ગામની પ્રાથમિક શાળામાં આજરોજ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. બે ભાગમાં વહેંચાયેલ આ શાળામાં રોજગાર અધિકારી એન.જી. કુબાજીની ઉપસ્થિતિમાં ધોરણ-૧માં ૧૦૦ જેટલા બાળકોની પ્રવેશ વિધી સંપન્ન કરવામાં આવી હતી. તેમજ ૫૦ વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અર્પણ કરવામાં આવ્યા હતા. મોટી ભોયણ ગામના સરપંચ નટુજી ઠાકોર અને તલાટી નટુભાઈ ચૌધરી દ્વારા ગ્રામ પંચાયતના સ્વભંડોળમાંથી બન્ને શાળાને સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત શાળામાં સ્વચ્છતા રાખવા માટે રૂપિયા ૨૫-૨૫ હજાર મળી કુલ ૫૦ હજાર આપવાની જાહેરાત કરી હતી. આંગણવાડી અને ધોરણ-૧માં પ્રવેશ પામાનર બાળકોને દાતાઓ દ્વારા રમકડાં, સ્કૂલ બેગ, પેન્સિલ જેવી વિવિધ શૈક્ષણિક કિટ્સનું દાન કરવામાં આવ્યું હતું.

# પ્લાસ્ટીક વપરાશના નવા નિયમો માટે પહેલા મનપા લોકજાગૃતિ લાવશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં ૫૦ માઈક્રોનની જ પ્લાસ્ટિક બેગના વપરાશની મંજૂરી અંગે ભારત સરકાર અને રાજ્ય સરકારના આદેશોને પગલે લોકજાગૃતિ ઉભી કરવા પર ભાર મૂકી બે મહિના પછી તેના અસરકારક અમલીકરણ માટેની નવેસરથી દરખાસ્ત સાથે આવવા કમિશનરને સૂચના અપાઈ છે.

શ્રી મનુભાઈ પટેલના અધ્યક્ષપદે મળેલ આજની આ બેઠકમાં ૨૦ માઈક્રોનથી ઓછી માઈક્રોન ધરાવતી કેરી બેગોના ઉપયોગ અંગે પણ ચિંતાની લાગણી સભ્યોએ વ્યક્ત કરી હતી. પ્લાસ્ટીક ફ્રી સીટીની ઘોષણા વખતે થોડીક કામગીરી બાદ પુનઃ આવી કેરી બેગના ઉપયોગકર્તાઓ વધવા પામ્યા છે.

રાજ્ય સરકારે આની સામે હવે ૫૦ માઈક્રોનથી ઓછી માત્રા ધરાવતી કેરી બેગ વાપરી શકાશે નહિ એટલું જ નહિ ૫૦ માઈક્રોન ધરાવતી બેગ માટે લાયસન્સ અને રજીસ્ટ્રેશન કરાવવું પડશે તેવી જોગવાઈ કરાઈ છે. જેથી આ માટે લોકજાગૃતિ અભિયાન છેડવા તંત્રને આજની બેઠકમાં જણાવવામાં આવ્યું છે.

દરમિયાન આજે મળેલ બેઠકમાં મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ યોજના હેઠળ અનુદાન પ્રાપ્ત થયેલ છે તેમાંથી જીઆઈડીસીના માર્ગોના તેમજ સેક્ટરોના આંતરિક માર્ગોના મજબુતીકરણ માટે રૂ. ૫ કરોડ, વેસ્ટ ટુ એનર્જી સીસ્ટમ માટે રૂ. ૬ કરોડ, બગીચાઓના આધુનિકરણ માટે રૂ. ૭ કરોડ તેમજ કન્સ્ટ્રકશન અને ડીમોલેશન વેસ્ટ મેનેજમેન્ટ માટે રૂ. ૬ કરોડ મંજૂર કરવાનું સૂચવવામાં આવ્યું છે.

સ્થાયી સમિતિમાં આજે સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સનું પ્રેઝન્ટેશન પણ કરવામાં આવ્યું હતું.

# થેલેસેમિયા જાગૃતિ ફાઉન્ડેશનના બાળકો રાજ્યપાલશ્રીની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીની આજે રાજભવન ખાતે થેલેસેમિયા જાગૃતિ ફાઉન્ડેશનના થેલેસેમિયા બાળકોએ મુલાકાત લીધી હતી.

રાજ્યપાલશ્રીએ થેલેસેમિયા જાગૃતિ ફાઉન્ડેશન દ્વારા હાથ ધરાયેલ જનજાગૃતિ અભિયાનની પ્રશંસા કરી જણાવ્યું હતું કે ફાઉન્ડેશન થેલેસેમિયા પ્રત્યે લોકોમાં જાગૃતિ વધે અને થેલેસેમિયા પીડિત બાળકોની પરમાર્થની ભાવનાથી સેવા કરી રહ્યું છે, તે પ્રેરણાદાયી છે.

રાજ્યપાલશ્રીએ ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરાયેલ થેલેસેમિયા અંગેની જાણકારી આપતી વેબસાઈટનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું.

સંસ્થાના સેક્રેટરી ડૉ. અનિલ ખત્રીએ થેલેસેમિયાના બાળકોને જે સારવાર સુવિધા પુરી પાડવામાં આવે છે તેની વિગતો આપી હતી.

પ્રારંભમાં સંસ્થાના અધ્યક્ષા સુશ્રી સરલાબેન બાગચંદાણી અને શ્રી એસ. કે. સાધવાણીએ રાજ્યપાલશ્રીનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે થેલેસેમિયા જાગૃતિ ફાઉન્ડેશન અને અન્ય સહયોગી સંસ્થાઓના સભ્યો તથા કાર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ચાંદખેડામાં ગાંધીનગરના યુવક દ્વારા ફાયર કોલેજનો પ્રારંભ

## બચાવ અને રાહત કાર્યની અદ્યતન તાલીમ સાથે પર્સનાલીટી ડેવલપમેન્ટની તાલીમ અપાશે

ગાંધીનગર, તા. ૧૦

આગ, પૂર, ભૂકંપ કે આતંકવાદી હૂમલા જેવી વધતી જતી ઘટનાઓમાં બચાવ અને રાહતની કામગીરી કરી શકે તેવા અદ્યતન તાલીમ પામેલા યુવકોની માંગ વધતી જાય છે. બચાવ અને રાહત ક્ષેત્રે પ્રેક્ટીકલ તાલીમ આપી શકે તેવી અદ્યતન ઈન્સ્ટીટ્યૂટનો અભાવ છે. ત્યારે ગાંધીનગરના યુવકે અમદાવાદમાં ફાયર કોલેજનો પ્રારંભ કરી નવી કેડી કંડારી છે.

સેન્ટ્રલ ફાયર સેફ્ટી ઈન્સ્ટીટ્યૂટનો પ્રારંભ કરનાર ગાંધીનગરના યુવક મહાવીર નિમાવત કહે છે કે હાલના સમયમાં બચાવ અને રાહત ક્ષેત્રે અદ્યતન તાલીમ પામેલા યુવકોની માંગ દિન પ્રતિદિન વધતી જાય છે. દેશ-દુનિયામાં કુદરતી હોનારતો અને આતંકવાદી હૂમલા જેવી માનવસર્જીત હોનારતો વધી છે. ત્યારે ત્વરીત બચાવ અને રાહત કામગીરી કરી શકે તેવા નિષ્ણાંત તાલીમબદ્ધ યુવકોની માંગ વધી રહી છે. જો કે દુઃખદ બાબત એ છે કે આપણે ત્યાં આવી અદ્યતન તાલીમ આપતી સંસ્થાઓ ખુબ ઓછી છે.

ધોરણ-૧૦ અને ૧૨ પાસ યુવકો બચાવ અને રાહત ક્ષેત્રની ચેલેન્જીંગ જોબ કરવા ઈચ્છતા હોય તો તેઓને અમે સેન્ટ્રલ ફાયર સેફ્ટી ઈન્સ્ટીટ્યૂટ મારફતે અદ્યતન તાલીમ આપવા પ્રતિબદ્ધ છીએ. ભારત સરકાર માન્ય આ સંસ્થામાં સર્ટીફીકેટ ઈન ફાયર એન્ડ સેફ્ટી, ડિપ્લોમાં ઈન ફાયર એન્ડ સેફ્ટી, પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમાં ઈન ફાયર એન્ડ સેફ્ટી અને એન્વાયરમેન્ટ હેલ્થ સેફ્ટી જેવા કોર્સ ઉપલબ્ધ છે. આ કોર્સમાં બચાવ અને રાહતની અદ્યતન તાલીમ સાથે મોટર ડ્રાઈવીંગ, સ્વીમીંગ, કોમ્પ્યુટર, સ્પોકન ઈંગ્લિશ, પર્સનાલીટી ડેવલપમેન્ટ, સિવિલ ડિફેન્સ ટ્રેનિંગ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, વાયરલેસ કોમ્યુનિકેશનની તાલીમ પણ ઈન્ડસ્ટ્રીયલ વીઝીટ અને પ્રેક્ટીકલ તાલીમ સાથે આપવામાં આવશે. તાલીમને અંતે કેમ્પસમાં જ જોબ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવશે. પ્રથમ વર્ષે ૫૦ વિદ્યાર્થીઓને તાલીમ અપાશે. હાલમાં ચાંદખેડા ખાતે આ ઈન્સ્ટીટ્યૂટની શરૂઆત કરવામાં આવી છે. આ કોલેજ માટેની પ્રેરણા ગાંધીનગરના ચીફ ફાયર ઓફિસર મહેશભાઈ મોઢે આપી હતી.